ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### ઘરમાં કોઈ તોડફોડ નહીં છતાં ૪.૯૬ લાખના દાગીના ગાયબ : તિજોરી અકબંધ

# કરજણના કંડારી ગામમાં રહસ્યમય ચોરી

**ઘરની** અંદરની ગોઠવણથી પરિચિત વ્યક્તિ દ્વારા ચોરી કરવામાં આવી હોવાની આશંકા

(પ્રતિનિધિ) કરજણ, તા.11

કરજણ તાલુકાના કંડારી ગામમાં એક અસામાન્ય ચોરીની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે. ગોચર ફળિયામાં રહેતા રમણભાઈ મકવાણાના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના ભરેલી થેલીઓ ગાયબ થઈ ગઈ છે, પરંતુ આ ચોરીની રીત એવી છે કે તે અનેક સવાલો ઊભા કરે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રમણભાઈના ઘરમાં માળિયામાં નડામાં મૂકેલી સોના-ચાંદીના દાગીના ભરેલી બે થેલીઓની ચોરી થઈ છે. આ ઘટના 4 થી 7 તારીખની વચ્ચે બની હોવાનું મનાય છે. ચોરીની જાણ ત્યારે થઈ જ્યારે રમણભાઈ જમતી વખતે માળિયામાં મૂકેલા નડા તરફ તેમનું ધ્યાન ગયું.

આ ચોરીની સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે ઘરમાં કોઈ પણ વસ્તુ વેરવિખેર થઈ નથી. ઘરના દરવાજા કે તિજોરીના લોક પણ તૂટ્યા નથી. સામાન્ય રીતે ચોરી થાય ત્યારે ઘરમાં અવ્યવસ્થા જોવા મળે છે અથવા તાળા તૂટેલા હોય છે, પરંતુ આ કિસ્સામાં એવું કંઈ જ બન્યું નથી. આનાથી ચોરી કરનાર વ્યક્તિ ઘરનો જ કોઈ પરિચિત હોવાની કે ઘરની





અંદરની ગોઠવણથી વાકેફ હોવાની શંકા ઊભી થાય છે.

રમણભાઈ મકવાણાએ આ ચોરી અંગે કરજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, કુલ 4,96,200 રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ છે. પોલીસે અજાણ્યા ચોર ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટનાએ કંડારી ગામ અને આસપાસના વિસ્તારોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જ્યો છે. લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આ ચોરી કોઈ જાણભેદુ દ્વારા જ કરવામાં આવી હોવી જોઈએ, કારણ કે ઘરના દરવાજા કે તિજોરીને નુકસાન પહોંચાડ્યા વિના માળિયામાંથી દાગીના ચોરવા એ સામાન્ય ચોરનું કામ નથી. પોલીસ આ રહસ્યમય ચોરીનો ભેદ ઉકેલવા માટે સઘન તપાસ કરી રહી છે અને આશા છે કે ટૂંક સમયમાં જ ગુનેગારો પકડાઈ જશે.

### મેન ઘાટના પગથિયાં પરથી ડમ્પર સીધું નદી કિનારે ઉતરતાં ચકચાર

# નારેશ્વર ઘાટ પર ડમ્પરનો રહસ્યમય પ્રવેશ: વીડિયો વાયરલ થતાં તંત્ર દોડતું થયું

(પ્રતિનિધિ) કરજણ, તા.11

કરજણ તાલુકાના પ્રસિદ્ધ તીર્થસ્થળ નારેશ્વર ખાતે બનેલી એક વિચિત્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં નારેશ્વર મંદિરના મુખ્ય ઘાટના પગથિયાં પરથી એક ડમ્પર નીચે ઉતરી સીધું નદી કિનારા સુધી પહોંચતું જોવા મળતા સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાત્રિના સમયે એક ડમ્પર નારેશ્વર મંદિરના મેન ઘાટ તરફ પહોંચ્યું હતું અને ત્યારબાદ ઘાટના પગથિયાં પરથી નીચે ઉતરી નદી તરફ જતું જોવા મળ્યું હતું. સામાન્ય રીતે શ્રદ્ધાળુઓ અને નદી



સ્નાન માટે ઉપયોગમાં લેવાતા ઘાટ પરથી ભારે વાહન ઉતરતાં સ્થાનિકોમાં આશ્ચર્ય અને ચિંતા બંને જોવા મળી હતી.

ઘટના રાત્રિના સમયે બની હોવાથી ઘાટ પર લોકોની અવરજવર ઓછી હતી, જેના કારણે કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના સર્જાઈ નહોતી. જોકે, જો તે સમયે શ્રદ્ધાળુઓ અથવા અન્ય લોકો હાજર હોત તો ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં અનેક સવાલો ઊભા થયા છે. ડમ્પર ઘાટ સુધી કેવી રીતે પહોંચ્યું, તેને ત્યાં લઈ જવાનો હેતુ શું હતો અને કોઈ મંજૂરી લેવામાં આવી હતી કે નહીં તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે. પોલીસે સમગ્ર ઘટનાની નોંધ લઈને તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે. હાલ કરજણ અને નારેશ્વર પંથકમાં આ વીડિયો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને સ્થાનિકો સમગ્ર ઘટનાની સત્ય હકીકત બહાર આવે તેવી માંગ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલીમાં રથયાત્રાને સફળ બનાવવા આયોજન માટેની બેઠક યોજાઈ



**બોડેલી** : બોડેલી નગરમાં આગામી 16 જુલાઈ, 2026ના રોજ અષાઢી બીજના પાવન અવસરે યોજાનારી ભવ્ય રથયાત્રાના આયોજનને લઈને બોડેલીની વૈષ્ણવવાડી ખાતે આયોજકો અને યુવા કાર્યકરોની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રથયાત્રાના સુચારૂ આયોજન, રૂટ, વિવિધ વ્યવસ્થાઓ અને આકર્ષણો અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં મુખ્ય આયોજકો દીપકભાઈ વિજયવર્ગીય, જીગ્નેશભાઈ ચોકસી, જૈમીનભાઈ પટેલ, અશ્વિનભાઈ શાહ, રજનીકાંત ગાંધી, ગૌરવ શાહ, જૈમિત પાઠક, બાબુભાઈ ચોકસી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત બોડેલી નગરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનો અને અગ્રણી નાગરિકોએ હાજરી આપી હતી. આ પ્રસંગે દીપકભાઈ વિજયવર્ગીયે સતત પાંચમા વર્ષે યોજાનારી ભવ્ય રથયાત્રાની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે રથયાત્રાના રૂટ, ભાવિકો માટે પીવાના પાણી સહિતની સુવિધાઓ અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

### પ્રગતિપથ યાત્રા અંતર્ગત ચાણસદ ખાતે સુશાસનના ૧૨ વર્ષની ઉજવણી નિમિત્તે મહાઆરતી યોજાઈ



**પાદરા** : ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના 12 વર્ષ પૂર્ણ થતાં દેશભરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે પાદરા તાલુકાના ચાણસદ ગામે વિશ્વવંદનીય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થાન એવા નારાયણ સરોવર ખાતે ગુરુપૂજન અને મહાઆરતીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'પ્રગતિપથ યાત્રા' અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, BAPS સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય નારાયણચરણ સ્વામી, પૂજ્ય હરિપ્રકાશ સ્વામી સહિત અન્ય સંતશ્રીઓ, મામલતદાર યોગેશ ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી છાયંક ચૌધરી, જિલ્લા પંચાયત સભ્ય ભૂમિકા સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ પઢિયાર, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો, પુષ્પરાજસિંહ ઠાકોર, ચાણસદ ગામના સરપંચ, ભાજપ સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના સૌથી લાંબા સમય સુધી સતત ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા હોવાના અવસરે તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને રાષ્ટ્રસેવાના સંકલ્પ માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી.

### મોદીજીના ઐતિહાસિક રેકોર્ડ નિમિત્તે હાફેશ્વર મહાદેવ મંદિરે મહાઆરતી



**ક્વાંટ** : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક નવો ઈતિહાસ રચ્યો છે. તેઓ દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા છે. આ ઐતિહાસિક અવસરની ઉજવણી છોટાઉદેપુરના ક્વાંટમાં હાફેશ્વર મહાદેવ મંદિરે વિશેષ મહાઆરતી સાથે કરવામાં આવી. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નામે આજે ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ છે. સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે સેવા આપવાનો રેકોર્ડ તેમના નામે થયો છે. આ ગૌરવપૂર્ણ અવસરે ક્વાંટ તાલુકાના હાફેશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય મહાઆરતીનું આયોજન કરાયું હતું મહાદેવના સાનિધ્યમાં યોજાયેલી આ મહાઆરતીમાં વડાપ્રધાન મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને રાષ્ટ્રસેવાના અવિરત કાર્ય માટે પ્રાર્થના કરવામાં આવી. ભગવાન શિવના આશીર્વાદથી મોદીજી દેશને વિકાસ, સુશાસન અને જનકલ્યાણના માર્ગે સતત આગળ ધપાવતા રહે તેવી મંગળ કામના કરાઈ હતી.

### નારેશ્વરધામ ખાતે ભાજપની મહાઆરતી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘાયુ માટે પ્રાર્થના



**કરજણ** : ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત 'અવિરત 12 વર્ષ : સેવા, સુશાસન અને જનકલ્યાણ' પખવાડિયાના ભાગરૂપે કરજણ તાલુકાના પવિત્ર યાત્રાધામ નારેશ્વરધામ ખાતે મહાઆરતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને રાષ્ટ્રસેવાના કાર્યને વધુ ગતિ મળે તે માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. દેશના ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનાર નેતા તરીકે નરેન્દ્ર મોદીએ 4,399 દિવસ પૂર્ણ કર્યા હોવાના પ્રસંગે આ કાર્યક્રમ યોજાયો હતો. નર્મદા નદીના કિનારે આવેલા નારેશ્વરધામ ખાતે ભગવાન શ્રી દત્ત અવતારી શ્રી રંગ અવધૂત બાપજીની મહાઆરતી ઉતારી આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

### ડાળી હટાવવામાં વિલંબના આક્ષેપ, તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં રોષ

# નેશનલ હાઈવે પરથી વૃક્ષની ડાળી ન ખસેડાતા વાહનચાલકો અટવાયા

**પાવી** ગામ નજીક NH-56 પર સર્જાઈ અવરોધની સ્થિતિ, ગુજરાત-મધ્યપ્રદેશ માર્ગ પર વાહનોની લાંબી કતારો

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.11

પાવીજેતપુરથી છોટાઉદેપુર જતાં નેશનલ હાઈવે નં. 56 પર પાવી ગામ નજીક એક તોતિંગ વૃક્ષની ભારે ડાળી તૂટી રોડ પર પડી જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. વહેલી સવારે બનેલી આ ઘટનાના કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.



ગુજરાત અને મધ્યપ્રદેશને જોડતો આ નેશનલ હાઈવે અત્યંત વ્યસ્ત માર્ગ ગણાય છે, જ્યાં દિવસભર ભારે વાહનવ્યવહાર રહે છે. આવા મહત્વના માર્ગ પર અચાનક વૃક્ષની વિશાળ ડાળી ધરાશાયી થતાં વાહનચાલકો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાયા હતા. અનેક વાહનોને રસ્તામાં અટકી જવાની ફરજ પડી હતી, જેના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ઘટના બાદ લાંબા સમય સુધી ડાળી હટાવવા માટે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નહોતી. પરિણામે ટ્રાફિક સમસ્યા વધુ ગંભીર બની હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી, પરંતુ સ્થાનિકોએ સવાલ ઉઠાવ્યો હતો કે જો આ દરમિયાન કોઈ ગંભીર અકસ્માત સર્જાયો હોત તો તેની જવાબદારી કોણ લેત?

# કરજણ શહેરમાં ૩૯.૫૦ લાખના આધુનિક JCB મશીનનું લોકાર્પણ

**ગુજરાત** સરકારની યુડીપી-2025 યોજના હેઠળ નગરપાલિકાને મળ્યું નવું JCB

(પ્રતિનિધિ) કરજણ, તા.11

કરજણ નગરની સ્વચ્છતા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા ગુજરાત સરકાર દ્વારા નગરપાલિકાને આધુનિક JCB મશીન ફાળવવામાં આવ્યું છે. યુડીપી-2025 યોજના અંતર્ગત મળેલા આશરે 39.50 લાખના ખર્ચના JCB મશીનનું લોકાર્પણ કરજણ નગરપાલિકા કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું.અભિપ્રાય લેખ

આધુનિક સુવિધાઓથી સજ્જ આ JCB મશીનનો ઉપયોગ શહેરમાં સફાઈ, કચરો ઉપાડવાની કામગીરી, ગટર અને



ડ્રેનેજ સંબંધિત કામો તેમજ અન્ય નગરસેવા કાર્યોમાં કરવામાં આવશે. નગરપાલિકાને મળેલી આ નવી સુવિધાથી સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવામાં મદદ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. લોકાર્પણ કાર્યક્રમ કરજણ-શિનોર વિસ્તારના ધારાસભ્ય અક્ષય પટેલના હસ્તે સંપન્ન થયો હતો. આ પ્રસંગે કરજણ નગરપાલિકાના પ્રમુખ ઈલાબા અટાલિયા, ચીફ ઓફિસર મહેન્દ્ર સોલંકી, નગરસેવકો, પાલિકાના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ડભોઈ વડોદરા માર્ગ પર પલાસવાડા રેલ્વે ઓવરબ્રિજ બનાવવા ખાતમુહૂર્ત કરાયું

ડભોઈ : ડભોઈ તાલુકાના પલાસવાડા ખાતે ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા હસ્તે રૂ.80 કરોડના ખર્ચે નિર્માણ થનાર રેલવે ઓવરબ્રિજ નું ખાતમુહૂર્ત કરાયું હતું. આ રેલ્વે ઓવરબ્રિજના નિર્માણથી વડોદરા, ડભોઈ માર્ગ પર મુસાફરી વધુ સુગમ,સુરક્ષિત અને ઝડપી બનશે. જેનાથી વિસ્તારના વિકાસને નવી ગતિ મળશે. ગુજરાત માં સૌથી વ્યસ્ત ગણાતા ટ્રાફિક થી ધમધમતા ડભોઈ વડોદરા માર્ગ પર આવેલ પલાસવાડા રેલ્વે ફાટક વાહન ચાલકો માટે માથાનો દુખાવો બની રહી છે. રેલ્વે ગાડી ની અવર જવર ને કારણે કલાકો સુધી રેલવે ફાટક બંધ રહેતી હોવાથી વાહન ચાલકો,મુસાફરો કલાકો સુધી ટ્રાફિક માં અટવાઈ જાય છે. જેથી કંટાળા સાથે કામો પણ ટલ્લે ચઢી જાય છે. રેલ્વે ફાટક ની બંને બાજુ માર્ગ પર વળાંક હોવાથી માનવ રહિત ફાટક શક્ય ના હતી.

# જેતપુરપાવી: બે વર્ષથી ફરાર પ્રોહિબિશનનો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.11

જેતપુરપાવી પોલીસે પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એલ.પી. રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ ફરાર આરોપીઓની શોધખોળમાં હતો. આ દરમિયાન મળેલી ચોક્કસ બાતમી અને ટેકનિકલ સોર્સિસની મદદથી પોલીસે સુરખેડા ગામે ફાટી ચાપર ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. ત્યાંથી શંકાસ્પદ હાલતમાં ઉભેલા એક ઈસમને ઝડપી તેની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેણે પોતાનું નામ સુનિલભાઈ મહેતાબભાઈ વાસ્કલે (ઉ.વ. 31), રહે. ઝીંઝણા પટેલ ફળિયું,



તા. કાઠીવાડા, જી. અલીરાજપુર (મધ્યપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેના વિરુદ્ધના ગુનાહિત રેકોર્ડની ચકાસણી કરતાં તે છોટાઉદેપુર પોલીસ સ્ટેશન C-પાર્ટમાં નોંધાયેલા ગુનાહિત કેસ ક્રમાંક 11184002240280/2024 હેઠળ પ્રોહિબિશન કલમ 65(એ, ઈ), 81 અને 83 મુજબના ગુનામાં છેલ્લા બે વર્ષથી ફરાર હોવાનું બહાર આવ્યું હતું.

# સાવલીના વોર્ડ નં. ૨ માં પાણી મુદ્દે નગરજનોનો હોબાળો

**બોર** ખોદકામ દરમિયાન મુખ્ય પાણી લાઈન તૂટ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) સાવલી, તા.11

સાવલીના વોર્ડ નં. 2 માં છેલ્લા 6 મહિનાથી અનિયમિત પાણી અને છેલ્લા 48 કલાક થી પાણી ન આપવાના આક્ષેપ સાથે નગરજનોએ હોબાળો મચાવતા ભારે ચર્ચા જાગી છે અને નગરપાલિકા સામે ભારે રોષ ઠાલવ્યો છે. સાવલી નગરના વોર્ડ નંબર-2 વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો પુરવઠો ખોરવાઈ ગયો છે તેના પગલે સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. બોર ખોદકામ દરમિયાન પાણીની મુખ્ય લાઈન તૂટી જતાં સમગ્ર વિસ્તારમાં પાણીની સમસ્યા સર્જાઈ હોવાનું



સામે આવ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા ત્રણ દિવસથી ઘરોમાં પાણી ન આવતા રોજિંદા જીવન પર ગંભીર અસર પડી રહી છે. પાણીની સમસ્યા અંગે અનેક વખત નગરપાલિકા તથા સ્થાનિક કોર્પોરેટરોને રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પ્રશ્નનો કોઈ સંતોષકારક ઉકેલ આવ્યો ન હોવાનું રહેવાસીઓએ આક્ષેપ કર્યો હતો. પાણીની સમસ્યાથી કંટાળેલા લોકો બોર ખોદકામ ચાલી રહેલી જગ્યાએ એકત્રિત થયા હતા અને હોબાળો મચાવી વિરોધ નોંધાવ્યો હતો.

# વાંકોલમાં રેત માફિયાઓ સામે ગ્રામજનોની જનતા રેડ

**જનતા** રેડ બાદ ખાણ-ખનીજ વિભાગ હરકતમાં

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.11

છોટાઉદેપુર પંથકમાં છેલ્લા ઘણા સમયથી રેતી માફીયાઓ સરકારી નિયમો ધજીયા ઉડાવી બેફામ ખનન કરી રહ્યા છે. તંત્રની રહેમનજર હેઠળ ચાલતા આ કાળા કારોબાર સામે અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પરિણામ ન આવતા આખરે જનતાએ મેદાને આવવું પડ્યું છે. પાવીજેતપુર તાલુકાના વાંકોલ ગામે ઓરસંગ નદીના પટમાં ચાલી રહેલા ગેરકાયદેસર રેત ખનન સામે આજે સવારે ગ્રામજનોએ એકઠા થઈને 'જનતા રેડ' કરી હતી. નદીના પટમાં ગેરકાયદેસર



રીતે મશીનરી ઉતારીને કુદરતી સંપત્તિ લૂંટાઈ રહી હોવાના આક્ષેપો સાથે લોકોએ સ્થળ પર જઈ ભારે વિરોધ નોંધાવ્યો હતો.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, પાવીજેતપુર અને તેની આસપાસના નદી પટોમાંથી રાત-દિવસ ગેરકાયદેસર રીતે રેતી ચોરી થઈ રહી છે. ગ્રામજનો દ્વારા અગાઉ પણ અનેકવાર જનતા રેડ કરવામાં આવી છે અને તંત્રને પુરાવા સાથે ફરિયાદો કરાઈ છે, પરંતુ જવાબદાર અધિકારીઓની આડોડાઈને કારણે સ્થિતિ ઠેરની ઠેર રહી છે.

### ચોમાસા પહેલાં રસ્તાનું સમારકામ નહીં થાય તો હાલાકી વધશે

# ધનતેજ-રતનપુરા રોડ બન્યો બિસ્માર; તાત્કાલિક નવો રસ્તો બનાવવા ઉઠતી માંગ

(પ્રતિનિધિ) સાવલી, તા.11

ધનતેજ-રતનપુરા માર્ગના દયનીય હાલતથી ગ્રામજનોમાં રોષ, તાત્કાલિક રિપેરિંગ અને નવો રોડ બનાવવા ઉચ્ચકક્ષાએ માંગ કરવામાં આવી છે

વડોદરા અને પંચમહાલ જિલ્લાને જોડતા સાવલી તાલુકાના ધનતેજથી કાલોલ તાલુકાના રતનપુરા ગામ સુધીનો અંદાજે 3 કિલોમીટર લાંબો ડામર રોડ અત્યંત ખખડધજ હાલતમાં બની જતાં સ્થાનિક નાગરિકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. માર્ગના તાત્કાલિક સમારકામ અને નવા રોડના નિર્માણની માંગ સાથે સાવલી તાલુકા પંચાયતના સભ્ય જયેશ બાકરોલાએ રાજ્ય સરકાર સહિત સંબંધિત અધિકારીઓને



રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ ધનતેજ-રતનપુરા માર્ગ સાવલી અને કાલોલ તાલુકા વચ્ચેનું મહત્વપૂર્ણ જોડાણ છે. આ માર્ગ મારફતે ધનતેજ વિસ્તારના અનેક ગામોના લોકો રોજગાર, વેપાર, શિક્ષણ તેમજ અન્ય કામકાજ માટે કાલોલ તરફ અવરજવર કરે છે. દરરોજ હજારો નાના-મોટા વાહનો આ માર્ગ પરથી પસાર થતા હોવાથી માર્ગનું મહત્વ વધુ છે.

પરંતુ ધનતેજથી રતનપુરા વચ્ચેનો આશરે 3 કિલોમીટરનો રોડ હાલ મોટા ખાડાઓના કારણે બિસ્માર બની ગયો છે. પરિણામે બાઈક, રિક્ષા, કાર તેમજ માલવાહક વાહનોના ચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને દર્દીઓને હોસ્પિટલ લઈ જવા અને ગર્ભવતી મહિલાઓને સારવાર માટે લઈ જતી વખતે ગંભીર સમસ્યાઓ સર્જાતી હોવાનો પણ રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર માર્ગના સમારકામ માટે અગાઉ પણ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી.

# બોડેલી પોલીસે ઓવરલોડ તુફાન ગાડીઓ સામે કડક કાર્યવાહી

**શ્રમિકોની** મજબૂરીનો લાભ લેતા વાહનચાલકો સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) બોડેલી, તા.11

બોડેલી પીઆઈ તથા તેમની ટીમ દ્વારા હાથ ધરાયેલી વિશેષ ડ્રાઈવ દરમિયાન બે તુફાન ગાડીઓને ઝડપી પાડી જરૂરી દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બોડેલી પોલીસે ક્ષમતા કરતાં વધુ મુસાફરો અને સામાન ભરીને દોડતી બે તુફાન ગાડીઓ સામે કાર્યવાહી કરી હતી. વધતા અકસ્માતોના બનાવોને ધ્યાનમાં રાખીને હાથ ધરાયેલી ખાસ ડ્રાઈવ દરમિયાન પોલીસે આ કાર્યવાહી કરી હતી. બોડેલી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન



કરીને દોડતા વાહનો સામે પોલીસ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડ તરફ ખેત મજૂરોને ક્ષમતા કરતાં વધુ સંખ્યામાં ભરીને લઈ જતી તુફાન ગાડીઓ સામે પોલીસની નજર રાખવામાં આવી રહી છે. આવા વાહનોમાં મુસાફરોને જીવના જોખમે ભરવામાં આવતા હોવાથી અકસ્માતની સંભાવના વધી જાય છે. શ્રમિકોની મજબૂરી અને લાચારીનો લાભ લઈ નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### દંખેડા ગામે સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત વિશેષ સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો

વડોદરા : ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા "સ્વચ્છતા સપ્તાહ" અભિયાન અંતર્ગત આજે વાઘોડિયા તાલુકાના દંખેડા ગ્રામ પંચાયત ખાતે વિશેષ સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા શપથ ગ્રહણ કરી સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સામૂહિક સ્વચ્છતા અભિયાન દરમિયાન ગામના જાહેર સ્થળો, માર્ગો અને આસપાસના વિસ્તારોમાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી. ઉપરાંત પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો તેમજ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા માટે ગ્રામજનોને કપડાની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.